
## વડીલોને વંદન
## અભિનંદન



દેવેન્દ્ર એચ. ડુંગાણી
(૧૯૪૨)ફોન:૨૩૨૨૫૯૨૫



લાખીયા દામીની પ્રદિપભાઈ
(૧૯૫૩)મો.૯૨૨૮૨૧૮૯૮૯



ઝાટકીયા દમયંતિબેન જે.
(૧૯૪૨)ફોન:૨૩૨૨૮૧૦૭

# કલોલ તરફના મુસાફરોને કારણે ગાંધીનગરના એસજી હાઈવેના પેસેન્જરોને હાલાકી

### નગરજનોને વીટકોસની હાઈકોર્ટ સુધીની સેવાઓનો વિરોધ કરનાર એસટીની સેવાઓ પણ મળતી નથી : સરખેજથી થલતેજ આવતા સુધીમાં કલોલ તરફના મુસાફરોથી બસો ભરાઈ જાય છે પછી ડ્રાયવર વચ્ચેના સ્ટોપે ઉભી રાખતા નથી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરથી સરખેજ તરફના હાઈવે પર એસટી તંત્ર દ્વારા બસ સર્વિસ ચાલુ કરવામાં આવે છે. પરંતુ તેનો લાભ નગરજનોની જગ્યાએ કલોલ તરફના મુસાફરો વધુ લઈ રહ્યા છે. જેને કારણે ગાંધીનગરની મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવી રહ્યો છે. આ મુસાફરોના કારણે સરખેજથી ગાંધીનગર તરફ આવતી એસટી બસો થલતેજથી ખીચોખીચ થઈ જાય છે અને ત્યાંથી અડાલજ સુધી વચ્ચેના કોઈ સ્ટોપ ઉપરથી મુસાફરો લેવાતા નથી. આ બસો અડાલજ ચોકડીએ ખાલી થઈ જાય છે અને હાઈકોર્ટ, ગોતાના ગાંધીનગરના મુસાફરો ખાનગી સાધનોમાં અથડાતા-કુટાતા ઘરે આવે છે.

એસટી તંત્રએ વીટકોસ દ્વારા ચાલુ કરવામાં આવેલ હાઈકોર્ટ સુધીની સેવાને વિરોધ કરી બંધ કરાવી દીધી પરંતુ કલોલ તરફના મુસાફરોના કારણે ગાંધીનગરના પેસેન્જરો માટે હાઈકોર્ટ, સોલા ભાગવત કે ગોતા ચોકડીથી તેમના માટે એસટીની બસ ઉભી રહેતી નથી. સરખેજથી ત્રિમંદિર સુધી એએમટીએસની બસ સેવા હોવા છતાં આ મુસાફરો તેમાં બેસતા નથી. કારણ કે તેમણે કલોલથી સરખેજના વાયા અડાલજના પાસ કઢાવ્યા હોય છે. એસટીતંત્રની ગાંધીનગર-અમદાવાદ શહેરી બસ સેવા હોવા છતાં આ સેવાનો કલોલ તરફના મુસાફરોના લીધે ગાંધીનગરાઓને લાભ મળતો નથી.

સાંજના સમયે ૫.૩૦ થી ૭.૩૦ વાગ્યા દરમ્યાનની એસ.ટી. બસો સરખેજથી થલતેજ આવતા જ ભરાઈ જાય છે. એટલે બાકીના સ્ટોપ પર ડ્રાઈવર-કંડક્ટર પેસેન્જરોને લેતા નથી જ્યારે આ બસો અડાલજ ચોકડીએ ખાલી થઈ જાય છે અને ગાંધીનગર સુધી ખાલી આવે છે પરંતુ ગાંધીનગરના મુસાફરો ખાનગી વાહનોના ભરોસે હેરાન થતા ઘરે પરત ફરે છે. એસટી તંત્રએ વીટકોસની હાઈકોર્ટ સુધીની સેવાઓ વિરોધ કરીને બંધ કરાવી પરંતુ મુસાફરોને તો વીટકોસના બદલે એસટીની પણ સેવાઓ મળતી નથી. જેથી બાવાના બેય બગડ્યા જેવો ઘાટ થવા પામ્યો છે. આ બાબતે એસટીતંત્ર દ્વારા ઘટતુ કરવા મુસાફરોએ એસટીતંત્ર સમક્ષ માગણી મુકેલ છે.



સમગ્ર દેશમાં ૧૪મી ડિસેમ્બરને ઉર્જા નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વાવોલ ખાતે ઉર્જા સંરક્ષણ દિન નિમિત્તે ઉર્જા બચાવો રેલીનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત આ દિવસે વાવોલની એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં ઉર્જા સંરક્ષણ અંગે એક વિશેષ પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

# બોટાદમાં રવિ કૃષિ મહોત્સવ કલ્યાણ મેળાનો પ્રારંભ

### કૃષિ સહીત સર્વગ્રાહી વિકાસથી સ્વસ્થ, સ્વચ્છ અને સમૃદ્ધ ગુજરાતની નેમ : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૪

બોટાદમાં રવિ કૃષિ મહોત્સવ કલ્યાણ મેળાનો મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પ્રારંભ કરાવ્યો હતો. બોટાદ જિલ્લામાં ૪૫૬ લાભાર્થીઓને રૂ. ૧૨૦.૫૧ લાખની સાધન સહાય કરવામાં આવી છે. આ તબક્કે તેમણે કૃષિ સહીત સર્વગ્રાહી વિકાસથી યુવા રોજગાર નિર્માણ અને સ્વચ્છ, સમૃદ્ધ અને સ્વચ્છ ગુજરાતની થીમ જન સર્વયોગથી પાર પાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજ્યના ખેડૂતો, પશુપાલકો, બાગાયત ખેતીના ધરતી પૂત્રોને તેમની જરૂરિયાત મુજબની માગ અનુસારની તમામ કૃષિ વિષયક સહાય રવિકૃષિ કલ્યાણ મેળા તહેત આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

આનંદીબેને આ સંદર્ભમાં જણાવ્યુંહતુંકે રાજ્યમાં કૃષિ મહોત્સવથી કૃષિ ઉત્પાદન અને કૃષિ વિકાસદર સતત વધ્યો છે ત્યારે હવે જરૂરિયાતમંદ ખેડૂતોને ટ્રેક્ટર, રોટાવેટર, ચાફ કટર, નેટ હાઉસ-ગ્રીન હાઉસ સહિત જળ સંચયના કાર્યોથી બારમાસી ખેતીના સર્વગ્રાહી વિકાસ માટે ૧૭૯ રવિ કૃશિ મહોત્સવ યોજ્યો છે.

મુખ્યમંત્રીએ ખેતી ક્ષેત્રને પ્રોત્સાહન આપવુ એ રાજ્ય શાસનનું દાયિત્વ છે તેની વિગતો આપતાં જણાવ્યું કે રાજ્યભરમાં ૧ લાખ ૭૪ હજાર કિસાનોને ટ્રેક્ટર, ૧૬,૯૫૬ મોટા વેટરની સહાય આપી છે.

તેમણે ગંભીર રોગોની તપાસ સારવાર અને નિદાન માટે રાજ્યવ્યાપી શાળા આરોગ્ય તપાસથી કાર્યક્રમ અને માતાઓ-બહેનો તથા રૂ. ૧.૨૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારો માટે મુખ્યમંત્રી અમૃતમ 'મા' યોજનાનો વ્યાપ વિસ્તારી હવે ૨૧ વર્ષ સુધીના સંતાનોને આવરી લઈ 'મા' વાત્સલ્ય યોજના મધ્યમ વર્ગીય પરિવારો માટે શરૂ કરી રૂ. ૨ લાખ સુધીનું આરોગ્ય સુરક્ષાછત્ર પુરૂ પાડ્યું છે.

આવા પરિવારોને આવકના દાખલા આપવા સરકારના અધિકારીઓ ગ્રામીણ ક્ષેત્રોમાં જઈ કેમ્પ કરશે અને માનવસેવાનું કાર્ય નિભાવશે તેવી જાહેરાત કરતાં મુખ્યમંત્રીએ 'મા' વાત્સલ્ય યોજના માટે રૂ. ૧૦૦ કરોડના વિશેષ પ્રાવધાનની વિગતો આપી હતી.

મુખ્યમંત્રીએ રાજ્યની આ સર્વાંગીણ વિકાસની યાત્રાને સતત આગળ ધપાવવા માટે જળસંચય અને નર્મદાના જળને કેનાલો મારફતે ઉત્તર-ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છને પહોંચાડવાના તત્કાલિન મુખ્યમંત્રી-વર્તમાન પ્રધાનમંત્રીના દીર્ઘદૃષ્ટિપૂર્ણ આયોજને પ્રેરણારૂપ ગણાવ્યું હતું.

### સારંગપુર હનુમાનજી મંદિર-સ્વામિનારાયણ મંદિરમાં ભક્તિભાવપૂર્વક દર્શન-અર્ચન કરતા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા બી.એ.પી.એસ.ના વડા પ્રમુખ સ્વામી મહારાજના સારંગપુર ખાતે દર્શન કરી તેમના આશિર્વાદ મેળવ્યા હતા. આનંદીબેને આજે રવિ કૃષિ મહોત્સવના બોટાદ જિલ્લામાં પ્રારંભ પૂર્વે સારંગપુર પહોંચ્યા હતા અને શ્રી સ્વામિનારાયણ મંદિર તથા સુપ્રસિદ્ધ સારંગપુર હનુમાનજી મંદિરમાં ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ મંદિર પરિસરમાં ઉપસ્થિત ભાવિકભક્તોનું ઉમંગ અભિવાદન પણ આ વેળાએ ઝીલ્યું હતું.



### બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા 'સ્વચ્છતા અભિયાન' અંતર્ગત સે-૨૮માં સફાઈ કાર્ય કરાયું

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' ને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા અને ૨૦૧૯માં ગાંધીજીની ૧૫૦મી પુણ્યતિથિએ 'સ્વચ્છ ભારત'ની ભેટ ધરવાના સંકલ્પ સાથે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશભરમાં પ્રારંભ થયેલા 'ભારત સ્વચ્છતા અભિયાન' વિશાળ પ્રોજેકટને ગાંધીનગરની બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા તા. ૩૦ નવેમ્બર રવિવારના રોજ સવારે સે-૨૮ માં ડીસેમ્બરથી ફેબ્રુઆરીના ત્રણ માસ માટે સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત દર સપ્તાહમાં ત્રણ દિવસ સવારે ૮.૩૦ થી ૯.૩૦ દરમિયાન વિદ્યાલયના બ્રહ્મકુમાર ભાઈ-બહેનો વહેલી સવારે ૬-૦૦ થી ૬-૩૦ રાજયોગનો અભ્યાસ અને ૬-૩૦ થી ૭-૩૦ ગીતાજ્ઞાન સતસંગનો નિત્ય ક્રમ પૂર્ણ કરી સેવા કેન્દ્ર પર ચા નાસ્તો કરી આદરણીય કૈલાશદીદીના નેતૃત્વમાં સે-૨૮માં આવેલ બાલોદ્યાન, લગ્નવાડી અને સેકટરમાં આવેલ વસાહત સાઈડે ઈશ્વરીય સેવાના ભાગ રૂપે ખંતથી સફાઈ કાર્ય માટે પોતાનો સમય ફાળવી વસાહતીઓને ઘરનો કચરો ડસ્ટબીનમાં એકઠો કરી કચરા પેટીમાં નાખવા અનુરોધ કરી આ સફાઈને કાયમ કરવા માટે લોકજાગૃતિનું કાર્ય પણ કરી રહ્યાં છે.

# ખેતરમાં રખડતી ગાયો, ભૂંડ અને નીલ ગાયો દ્વારા થતું ભેલાણ અટકાવવા ખેડૂતોની માંગ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર નજીક પેથાપુર તથા રાંધેજા ગામની સીમમાં આવેલ ખેતરોમાં ગાયો, ભૂંડ અને નીલગાયોનો સતત ત્રાસ વધી રહ્યો છે અને આ પશુઓ ખેતરમાં લહેરાતા ઉભા પાકને ભારે નુકશાન કરી ભેલાણ કરી રહ્યા છે આથી ખેડૂતો ચિંતાતુર બન્યા છે અને આ સમસ્યા સામે તંત્ર પાસે મદદ માંગી રહ્યા છે.

જગતનો તાત કહેવાતા ખેડૂતો શિયાળાની સિઝનમાં મોંઘા ભાવના બિયારણો, ખાતર, પાણી અને દવાઓ દ્વારા રવિ પાકની વાવણી કરી રહ્યા છે ત્યારે રાંધેજા પેથાપુર સહિતના આસપાસના ગામોના ખેતરમાં ગાય, ભૂંડ અને નીલગાયો ઘૂસી જાય છે. મોંઘા ભાવના બિયારણો સહિત મોંઘા ખર્ચે તૈયાર કરેલા ઉભા પાકને નુકશાન કરી ભેલાણ કરતા ખેડૂતોને આર્થિક નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે તેમજ 'ક' માર્ગ ઉપર આવેલી હોટલોનો એંઠવાડ પણ ચોકડીઓમાં ઠલવાતો હોવાથી ગંદકી તેમજ ગાયો અને ભૂંડોનો પણ જમાવડો થઈ રહ્યો છે.

ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારના ખેતરોમાં ભારે નુકશાનને લીધે ખેડૂતોની હાલત દયનીય બની છે આથી ખેડૂતો પાકને થતું ભેલાણ સત્વરે બંધ થાય તેવા પગલા તંત્ર ભરે તેવી માંગ કરી રહ્યા છે.

# ક્રૂડમાં થતાં ઘટાડાનો પુરો લાભ લોકોને આપવા માંગ

અમદાવાદ, તા.૧૪

વૈશ્વિક બજારમાં ક્રુડના ભાવમાં નોંધ પાત્ર ઘટાડો થયો હોવા છતાં કેન્દ્રમાં રહેલ ભાજપની સરકાર અને જાહેર ક્ષેત્રની તેલ કંપનીઓ ભાવ ઘટાડાનો લાભ આમ પ્રજાને આપવાનું ટાળી રહેલ છે. કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવ નિયમનથી મુક્ત કરી દીધા છે તેનો અર્થ તેવો થાય છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડના ભાવો વધે તો પેટ્રોલ ડીઝલના ભાવો વધતા જોઈએ અને આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવો ઘટે તો પટ્રોલ ડીઝલના ભાવો તે પ્રમાણે ઘટવા જોઈએ પરંતુ તેવુ થતુ નથી. ક્રુટના બેરલના વધીને ૧૧૦ થી ૧૨૦ ડોલર ભાવ થયેલ હતાં જે હાલમાં ઘટીને ૬૫ ડોલર આસપાસ થયેલ છે તે જોતાં ક્રુડના ભાવમાં ૪૫ ટકા જેટલો ભાવ ઘટાડો થયેલ છે. જેથી પેટ્રોલ ડીઝલના ભાવમાં પણ અંદાજે ૪૫ ટકાની આસપાસનો ઘટાડો થવો જોઈએ તેના બદલે પેટ્રોલમાં લીટર માત્ર રૂ. ૭ નો ઘટાડો થયેલ છે અને ડીઝલમાં લીટરે રૂ. ૬.૫૦ નો ઘટાડો જોવા મળેલ છે.

મોંઘવારી સામે બૂમાબૂમ પાડનાર ભાજપ સરકાર સત્તામાં આવ્યા બાદ છેલ્લા છ મહિનામાંપ્રજા પર મોંઘવારીનો માર આપી રહી છે ત્યારે પ્રજા સાથે વિશ્વાસઘાત કરનાર ભાજપ સરકાર દેશના નાગરિકોને પેટ્રોલ ડીઝલમાં આંતરરાષ્ટ્રીય ભાવ ઘટાડાનો સીધો લાભ આપે તેવી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતુ કે ક્રુડના ભાવમાં ૪૫ ટકા જેટલો ભાવ ઘટાડો થયેલ તે જોતા પેટ્રોલમાં લીટરે રૂ. ૨૮ ઘટવા જોઈએ અને ડીઝલની કિંમતમાં લીટરે રૂ. ૨૩નો ઘટાડો થવો જોઈએ. પરંતુ તેમ થયેલ નથી.

## સર્જરી વોર્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નવા સંકુલના કબ્જા માટે બહુ ઉતાવળમાં હોય તેમ જણાતુ નથી. કારણ કે નવા બિલ્ડીંગમાં ઘણી બધી સમસ્યાઓ છે અને વીઆઈયુની કામગીરી સામે પણ પ્રશ્નાર્થો ઘણા છે.

માર્ચ-૨૦૧૫ ના અંતે નવુ સંકુલને સંપૂર્ણ કાર્યરત કરવાનું આયોજન હતુ પરંતુ જે રીતે ક્ષતિઓ ધ્યાને આવી રહી છે તેને લઈ આ કામગીરીમાં વિલંબ થઈ રહ્યો હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## ઈલેક્ટ્રીક મીટર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વેપારીઓ અને મુલાકાતીઓ માટે ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. શોપીંગ વિસ્તારમાં બંધ ફૂવારા નજીક સ્થિત મીટર બોર્ડ પણ ખુલ્લી હાલતમાં છે. જેના પરિણામે જોખમી સ્થિતિ વચ્ચે ગમે ત્યારે અકસ્માત થાય તેવી સ્થિતિ છે. શહેરના મુખ્ય માર્ગોની સાથે નગરના શોપીંગ વિસ્તારમાં પણ સ્વચ્છતા અને સલામતીને ધ્યાને લઈ તંત્ર દ્વારા યોગ્ય પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## દેશની પિડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે વેદાંત યોગ સંત પ્રવચનનાં કાર્યક્રમમાં સવારે પરમાત્માનંદજી મહારાજ ઉપરાંત મહામંડલેશ્વર સ્વામિ અનુભુતાનંદગિરિજી, મહામંડલેશ્વર સ્વામિ શાન્તિ સ્વરૂપાનંદગિરિજી અને કેન્દ્રીય મંત્રી સાધ્વી નિરંજન જયોતિએ પોતાના વકતવ્યમાં જ્ઞાનરસ પીરસ્યો હતો. શાન્તિ સ્વરૂપાનંદગીરીજી સ્વામિએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે સંતોના આર્શિવાદ સદાય છે તેથી અનેક વિવાદો બાદ પણ મોદી બેઠા આ પદે પહોંચ્યા છે તેમ કહી ગોધરા કાંડનો મુદ્દો છંછેડયો હતો તેમણ કહ્યું હતું કે ગોધરા કાંડ 'ટીટ ફોર ટેટ' હતું કેન્દ્રીય મંત્રી નિરંજન જયોતિએ ગુજરાતની ભૂમિને ક્રાંતિની ભૂમિ તરીકે ઓળખાવી હતી. ગાંધીજી, સરદાર અને મોદી જેવા ક્રાંતિકારીએ આ ભૂમિ પર જન્મ લીધો છે તેમ કહીને ઉમેર્યું હતું કે સંસદમાં બેઠા બેઠા મેં મોદીના ચહેરા પર દેશની પીડા ટપકતી જઈ છે. મોદી દેશનો ખુબ વિકાસ કરશે તેવી આશા વ્યકત કરી હતી.

## વાહનની અડફેટ...

● ત્રીજા પાનાનું ચાલુ

હંસાબેન, વિજયાબેન અને લક્ષ્મીબેન રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે હાઈવે પરથી બેફામ ગતિએ નીકળેલા અજાણ્યા વાહને ત્રણેયને જબરદસ્ત ટક્કર મારતાં ત્રણેય મહિલાઓ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. જેમાં લક્ષ્મીબેન ભગલાણીનું કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બંને ઘાયલ મહિલાઓને અમદાવાદ સિવિલહોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. અકસ્માત સર્જીને વાહન લઈને ચાલક ફરાર થઈ ગયો હતો. ઈન્ફોસિટી પોલીસે નિશાબેન ફુલચંદાનીની ફરીયાદને આધારે અજાણ્યા વાહનચાલકની સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

## શબ્દાવલી - ૫૫૯૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ |
| ૭ | | | ૮ | ૯ | | ૧૦ | |
| | | ૧૧ | | | | | |
| ૧૨ | ૧૩ | | | | | | |
| | ૧૪ | | | ૧૫ | ૧૬ | | ૧૭ |
| ૧૮ | | | | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | ૨૨ | | | | | ૨૩ | |
| ૨૪ | | | ૨૫ | | | | |

### આડી ચાવી

૧. લશ્કરની ટૂકડી (૪)
૪. મુશ્કેલી (૩)
૭. સાધુ, મહાત્મા (૨)
૮. ગરોળી જેવા જીવની અઘાર (૨)
૧૦. ઢાબો, નાની હોટલ (૨)
૧૧. ઉત્સાહ, થનગનાટ (૫)
૧૨. એક સંગીતનું વાદ્ય (૩)
૧૪. બહુ લફરા કર્યા કરતું હોય તેવું (૫)
૧૯. ગુજરાતી પ્રથમ મહિનો(૪)
૨૧. કપાળ (૩)
૨૩. હક, રટણ (૨)
૨૪. ખીલી, નાનો ખુટો (૨)
૨૫. વેર, દ્વેષ (૪)

### ઊભી ચાવી

૧. પસંદ કરવું તે (૪)
૨. કુટેવ (૨)
૩. શહેર, વસવાટનું સ્થળ(૩)
૫. બદલવું, પલટી નાખવું(૪)
૬. ચીડ, ગુસ્સો (૨)
૯. પ્રેમનું અંગ્રેજી (૨)
૧૧. તરફડવું તે (૫)
૧૩. માથામાં વાળના હોય તે(૨)
૧૫. કાયદાનુસાર (૪)
૧૬. ઝવેરાત, ધન (૨)
૧૭. પાકેલુ, વૃદ્ધ (૨)
૧૮. સુખપાલ, માણસ બેસાડાય તેવું સાધન (૩)
૨૦. ત્વરાથી, જલ્દી (૩)
૨૨. ઇમારતી લાકડુ વેચતી દુકાન (૨)

### શબ્દાવલી ૫૫૮૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) આલીશાન (૪) અજબ (૬) નસકોરા (૮) દાલબાટી (૯) તર (૧૦) રેપર (૧૨) કર (૧૩) ઉક (૧૫) ડવ (૧૬) પાણકો (૧૭) કોપર (૧૯) પરાવલંબી (૨૦) કાજ (૨૧) ભર

**ઊભી ચાવી :-** (૨) આફત (૨) શાનદાર (૩) નસલ (૪) અરાટીરે (૫) બરાબર (૭) કોબા (૯) તરવરાટ (૧૧) પરોપકાર (૧૨) કડપ (૧૩) ઉપાલંભ (૧૪) કણબી (૧૮) રજત

# ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસો આવી રહ્યાં છે. સરકારમાં નિવૃત્તિના અવસરે અને કંપનીઓમાં નવા પ્રોજેક્ટ્સ ના કારણે આ સ્થિતિનું નિર્માણ ૨૦૧૫માં થાય તેમ લાગી રહ્યું છે. એકલા ગુજરાતમાં જ એક વર્ષમાં બે લાખ જેટલો મેનપાવર જોઈશે. સરકારી અંદાજ પ્રમાણે આગામી વર્ષમાં ૫૦ હજાર થી વધુ જગ્યાઓ ભરવાનું આયોજન વિચારવામાં આવ્યું છે. મેઈન ઈન ઈન્ડિયા કેમ્પેઈનમાં જ એક લાખથી વધારે જોબનું સર્જન થવાનું છે. ગુજરાતની ઓજસ વેબસાઈટ અને જોબ માટેનું નવું પોર્ટલ ભરચક નોકરીઓ સાથે રિ-લોન્ચ થઈ રહ્યું છે...

**કોઇએ બીડી-સિગારેટ પીવી નહી ...**

ગુજરાત વાયબ્રન્ટ સમિટનો ગ્રાન્ડ શો ગાંધીનગરના આંગણે થઈ રહ્યો છે ત્યારે રાજય સરકારે વાયબ્રન્ટ સ્થળ મહાત્મા મંદિરને નો સ્મોકિંગ ઝોન તરીકે જાહેર કર્યુ છે. દેશ અને વિદેશના મહેમાનો આ સ્થળની પેરિફેરીમાં બીડી કે સિગારેટ પી શકશે નહી. સલામતી કવચની અંદર ફરજ બજાવતા સલામતી રક્ષકોને સ્પષ્ટ સૂચના આપી દેવામાં આવી છે કે તેમણે કોઈને તમાકુ કે તેની બનાવટો સાથે મુલાકાતીને પ્રવેશ આપવો નહી. મુલાકાતીઓના કડક ચેકિંગના આદેશ પણ આપવામાં આવ્યા છે. કાશ, હવે કાગળ ઉપર સ્મોકિંગ ફ્રી જાહેર થયેલા આખા ગાંધીનગરમાં આ પ્રકારનું ચેકિંગ કરવામાં આવે તો પાટનગરમાં વ્યસનીઓની સંખ્યા ઘટી શકે ...

**હવે મોદીના ફોટા સાથેના પર્સ ...**

ગાંધીનગરનું ઉદ્યોગભવન કે જે આજકાલ વાયબ્રન્ટ સમિટની તૈયારીમાં વ્યસ્ત છે ત્યાં કર્મચારીઓમાં મોદીના ફોટા સાથેના પર્સ ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. આ પર્સની ખાસિયત એ છે કે તે ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટમાં -ઈમ મિનિસ્ટર મોદીના ફોટા સાથેના છે. કહેવાય છે કે એક નિવૃત્ત આઈએએસ ઓફિસરનું તેમાં ભેજું છે. આ કરન્સી નોટ નથી પણ બાળકોને રમવાની નોટ હોય છે તેવું પર્સ છે. બજારમાં શાહરૂખ ખાન કે અમિતાભ બચ્ચનના ફોટા સાથેની પ્લાસ્ટીકની ચલણી નોટ મળે છે તેવું આ પરાક્રમ છે. ચલણી નોટની પ્રતિકૃતિમાં ગાંધીજીની જગ્યાએ મોદીનો ફોટો લગાડવામાં આવ્યો છે...

**વાયબ્રન્ટ પછી બ્યુરોક્રેસીમાં ફેરફાર ...**

વાયબ્રન્ટ સમિટના સમાપન પછી અને સામાન્ય બજેટસત્ર પૂર્વે રાજયના વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારો આવી રહ્યાં છે. સનદી ઓફિસરો તેમજ પોલીસ તંત્રમાં ઉથલપાથલ થવાની છે. શહેરોના કમિશનરો બદલાશે. જિલ્લાના એસપી બદલાશે. પોલીસ ભવનના ઓફિસરોને પ્રાઈમ પોસ્ટીગ મળવાનું છે. જિલ્લા કલેક્ટરોમાં બદલાવ આવી રહ્યો છે. વિભાગોના ઓફિસરોને નવા પોસ્ટીગ મળી શકે છે. હજી કેટલાક ઓફિસરો દિલ્હીની રાહમાં છે. એક ડઝન જેટલા ઓફિસરોને આપવામાં આવેલા વધારાના હવાલા ઓછા થવાના ચાન્સ દેખાઈ રહ્યાં છે...

**કરપ્શનમાં વાયબ્રન્સીની જરૂર છે ...**

સરકારી કચેરીઓમાં ચાલતા કરપ્શનમાં વાયબ્રન્સીની જરૂર છે. રાજયના પ્રત્યેક પ્રધાનોએ તેમના વિભાગમાં સર-ઈઝ ચેકિંગ કરીને અથવા તો તેમના સમર્થકોને રૂપિયા આપીને લાંચિયા ઓફિસરો કે કર્મચારીઓને રંગેહાથ પકડવા જોઈએ. જો તેમ થશે તો ગુજરાત તેમાં પણ નંબરવન રહેશે. ખાસ કરીને મહેસૂલ, પંચાયત, શહેરી વિકાસ, ગૃહ અને આરોગ્ય વિભાગમાં સરપ્રાઈઝ ચેકિંગ કરવાની આવશ્યકતા છે. જિલ્લા લેવલે તેમજ મહાનગરમાં એક એવો સ્ક્વોર્ડ બનાવવો જોઈએ કે જે સપ્તાહમાં કોઈપણ એક દિવસે જાહેરાત કર્યા વિના ચેકિંગ કરે, ગુજરાતની જનતાને તેનાથી ઘણી રાહત થશે...

**સરકાર કોઇપણ હોય, સીબીઆઇ ઠેરની ઠેર ...**

ભારતમાં સરકાર કોંગ્રેસની હોય કે ભાજપની કે પછી ત્રીજા મોરચાની હોય, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન સંસ્થા તો ઠેરની ઠેર છે. રાજકીય દુશ્મનોને ડરાવવા માટે કે તેમને જેલમાં મોકલવા માટે સીબીઆઈનો ઉપયોગ થઈ રહ્યો છે. યુપીએ શાસનમાં ગુજરાતમાં જે થયું તે એનડીએની સરકારમાં બિન ભાજપી સરકારોમાં થઈ રહ્યું છે. એ પછી તામિલનાડુ હોય કે પશ્ચિમ બંગાળ... મમતા બેનરજીનો આક્ષેપ છે કે ભાજપની સરકારે અમારી સામે સીબીઆઈને છૂટી મૂકી દીધી છે. સીબીઆઈને રાજકીય ગ્રહણ લાગેલું છે, એ વાત સર્વવિદિત છે. યુપીએમાં ભાજપ અને એનડીએમાં કોંગ્રેસ સહિતના પક્ષો શાસક પક્ષ અને સીબીઆઈને સાથે જોડી દેતા હોય છે. આને કહેવાય પાવરનો પરચો...

**ગુજરાતના સીએમની ડિપ્લોમસી ...**

પ્રવાસી ભારતીય દિન અને વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ પૂર્વે ગુજરાતના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ ૧૭મી ડિસેમ્બરે તેમના સીએમ હાઉસમાં રાજયના ૫૦ જેટલા ઉદ્યોગપતિઓને મળવાના છે. તેમની સાથે તેઓ ડિનર લેશે. આનંદીબેન ૧૮મીએ દિલ્હી જવાના છે અને ત્યાં વિદેશના ભારત સ્થિત એમ્બેસેડર્સ સાથે વાર્તાલાપ કરશે. આ સમિટને સફળ બનાવવાની જવાબદારી તેમના માથે હોવાથી તેમણે રાજયના વહીવટી તંત્રને વાયબ્રન્ટ ડિરેક્શન આપી છે. બધાં કામ છોડો, આપણે આ ઈન્ટરનેશનલ ઈવેન્ટને સક્સેસ બનાવવી છે તેવો આદેશ તેમણે તમામ સેક્રેટરીઓને આપેલો છે...

**પ્રવાસી ભારતીય દિનના ત્રણ દિવસ ...**

૧૩મો -વાસી ભારતીય દિન આ વખતે ગુજરાતના ગાંધીનગરમાં ઉજવાશે. ૭ થઈ ૯ જાન્યુઆરી દરમ્યાન ત્રણ દિવસના કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા છે જેમાં ભારતના તમામ રાજયો હિસ્સો લેવાના છે. પહેલા દિવસે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીમાં કાર્યક્રમ રાખવામાં આવ્યો છે અને બાકીના બે દિવસ મહાત્મા મંદિરમાં ઉજવાશે. અંતિમ બે દિવસનું ડિનર અને કલ્ચરલ કાર્યક્રમો અમદાવાદના કાંકરિયા લેક તેમજ સાબરમતી રિવરફ્રન્ટમાં થશે. આ કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ પ્રવણ મુકરજી ઉપસ્થિત રહેવાના છે...

**પીએમઓ ઇન ગાંધીનગર ચર્ચાનું કેન્દ્ર ...**

ગાંધીનગરના જૂના હેલીપેડ ગ્રાઉન્ડ કે જયાં એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે ત્યાં અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ એવું એક કોમ્પલેક્સ બની રહ્યું છે જેને સચિવાલયે પીએમઓ નામ આપ્યું છે પરંતુ સરકાર કહે છે કે આ પીએમઓ નથી પરંતુ બિઝનેસ માટેનું મથક માત્ર છે. આ કોમ્પલેક્સ કહેવાય છે કે ૪૦૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં ૬.૫૦ કરોડના ખર્ચે બને છે જેમાં બે ડ્રોઈંગરૂમ, બે કોન્ફરન્સ હોલ, ચાર બેડરૂમ અને પીએમઓના ઓફિસરોને બેસવા માટેની ચેમ્બરો વાઈ-ફાઈ સજ્જ થઈ છે.

**મંદિર નાનું અને દર્શનાર્થીઓ વધારે...**

નેશનલ લેવલના બે મોટા કાર્યક્મો જાન્યુઆરીના પ્રારંભે યોજાનાર છે ત્યારે રાજય સરકાર મહેમાનોને ઉતારો આપવા માટેની હોટલોના બુકિંગમાં લાગી ચૂકી છે કારણ કે મંદિર નાનું છે અને દર્શનાર્થીઓનો ધસારો છે. ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે આ મહેમાનોને એકોમોડેશન કરી શકાય તેટલી થ્રી, ફોર કે ફાઈવસ્ટાર હોટલો હયાત નથી, એટલે સરકારે છેક આણંદ સુધી અને ઉપર મહેસાણા સુધી નજર દોડાવવી પડી રહી છે...